ક્રમાંકઃજીઆઈડીસી/એનએએ/પોલીસી/સીઆઈઆર/૨૫
જી.આઈ.ડી.સી. વડી કચેરી. ગાંધીનગર
તારીખઃ૨૨/૩/૧૬

**//–પરિપત્ર–//**

વિષયઃ– **એન. એ. એ. બાબત.**

સંદર્ભઃ(૧) પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/એલએનડી/એનએએ/પોલીસી/સીઆઈઆર/૧૪ તાઃ૨૨/૩/૧૧
(૨) પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/હિસાબ/બજેટ/સ.ચા./૨૦૧૬–૧૭/૪૮૬/૧૭૩/૦૪ તાઃ૧૮/૧/૧૬
(૩) મુખ્ય હિસાબી અધિકારીશ્રીની નોંધ નંબરઃજીઆઈડીસી/એકા./ફાયનાન્સ/૧૫૦ તાઃ૧૩/૧/૧૬

નિગમની જુદી જુદી કચેરીઓમાં બીનખેતી આકાર બાબતે અલગ અલગ પધ્ધતિ અમલમાં મુકવામાં આવતી હતી તેને બદલે એક સમાન પધ્ધતિ અમલમાં મુકાય તે સારૂ સંદર્ભ–૧ હેઠળના તાઃ૨૨/૩/૨૦૧૧ ના પરિપત્રથી નીતિ વિષયક બાબત અમલમાં મુકવામાં આવેલ છે.

હિસાબી શાખા ધ્વારા સંદર્ભ–૨ હેઠળના પરિપત્રથી સર્વીસ ચાર્જ બાબતે નવી નીતિનો અમલ કરવા બાબતે નીતિ પરિપત્રિત કરવામાં આવેલ છે. જે મુજબ એપ્રિલ મહીનાની ૩૦ મી તારીખ પહેલા દર નકકી કરવાના થાય છે. જે અન્વયે રેવન્યુ ચાર્જીસમાં સમાવેશ થતી એન.એ.એ. ની રકમ નકકી કરવા બાબતે મુખ્ય હિસાબી અધિકારીશ્રીની સંદર્ભ હેઠળની નોંધમાં જણાવ્યા અનુસાર નિગમે એન.એ.એ. (તમામ સેસની રકમ સાથે) રકમ ચુકવ્યા તારીખથી તાઃ૩૧/૩/૨૦૧૬ સુધીના સમયગાળાને ધ્યાને લઈ નિગમ ધ્વારા નકકી કરાયેલ વ્યાજ દર મુજબ વ્યાજની રકમ સાથે બીલમાં સમાવેશ કરવાની થતી એન.એ. ચાર્જીસની રકમ એપ્રિલ મહીનાની ૩૦ મી તારીખ પહેલા નકકી કરવાના રહેશે.

**દા.ત.**

- વર્ષ ૨૦૧૫–૧૬ના મહેસુલી વર્ષનું માંગણું રૂા.૧૦૦/– નિગમને ઓગષ્ટ–૨૦૧૫માં મળ્યુ
- નિગમ ધ્વારા ૩૧ ઓગષ્ટ–૨૦૧૫ ના રોજ તેનું ચુકવણું કરવામાં આવ્યું
- વ્યાજ દર : ૧૪ %

| વિગત | રકમ |
|---|---|
| મહેસુલી કચેરી તરફથી રજુ થયેલ માંગણા પત્રક મુજબ ચુકવણું કરેલ રકમ. | રૂા.૧૦૦/– |
| નિગમે નકકી કરેલ વ્યાજ દર મુજબ ચુકવ્યા તારીખથી તાઃ૩૧/૩/૧૬ સુધીનું વ્યાજ | રૂા.૮.૧૭/– |
| | |
| **કુલ વસુલ મેળવવા પાત્ર રકમ.** | **રૂા.૧૦૮.૧૭** |

ક્ષેત્રિય કચેરી ધ્વારા ઉપર જણાવેલ કુલ વસુલ મેળવવા પાત્ર રકમ સંદર્ભીત તાઃ૨૨/૩/૧૧ના પરિપત્રને અનુસરીને ગણત્રી કરી એપ્રિલ મહીનાની ૩૦ મી તારીખ પહેલા નકકી કરવાના રહેશે. સદર બાબતે કોઈપણ સ્પષ્ટતાની જરુરીયાત જણાય તો મુખ્ય હિસાબી અધિકારીશ્રી, જી.આઈ.ડી.સી., ગાંધીનગરનો સંપર્ક કરવાનો રહેશે.

સહી/–
(મનોજ અગ્રવાલ)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ સંબધિત અધિકારીશ્રીઓ / કર્મચારીઓ તરફ.

રવાના કર્યુ

મેનેજર(મહેકમ)
જી.આઈ.ડી.સી. ગાંધીનગર